દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 15-02-2026

# શહેર-સમાજ



### એમ. પી. શાહ કોમર્સ કોલેજ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

# જિલ્લાની 12 કોલેજના 550થી વધુ છાત્રો બજેટ કેમ્પસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા

## ભારત સરકારના ડિરેક્ટર વિદ્યાર્થીઓને બજેટની સકારાત્મક અસરો સમજાવી

ભાસ્કર ન્યૂઝ | સુરેન્દ્રનગર



ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી-ગાંધીનગર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સુરેન્દ્રનગરની એમ. પી. શાહ કોમર્સ કોલેજ ખાતે 'બજેટ કેમ્પસ' અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વર્ષ 2026ના કેન્દ્રીય બજેટની જોગવાઈઓ અને તેનાથી દેશના અર્થતંત્ર પર પડનારી સકારાત્મક અસરો વિશે યુવા પેઢીને માહિતગાર કરવાનો હતો.

સુરેન્દ્રનગર જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી-ગાંધીનગર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સહયોગથી શહેરની એમ પી શાહ કોમર્સ કોલેજ ખાતે તા 14 ફેબ્રુઆરીએ બજેટ કેમ્પસ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓને પાવર ફાઈનાન્સ કોર્પોરેશન-ભારત સરકારના ડિરેક્ટર સી.એ.નરેશ કેલાએ વર્ષ 2026 ના કેન્દ્રિય બજેટની જોગવાઈઓ દરખાસ્તોની વિસ્તૃત છણાવટ કરી હતી. તેઓએ બજેટના દિર્ઘદ્રષ્ટિ વાળા નિર્ણયોની અર્થ વ્યવસ્થા પર પડનાર અસરો વિશે ચર્ચા કરતાં જણાવ્યું કે આવનાર દિવસોમાં આપણો દેશ કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના વિકાસ વડે આત્મનિર્ભર બનશે, રોજગારી અને આવકનું સર્જન થશે,નાના અને મધ્યમ ઉદ્યોગોનો વિકાસ થશે.આંતર રાષ્ટ્રીય સ્તરે થયેલા વિવિધ વ્યાપાર કરારોથી દેશના ખેડૂતો,નાના વેપારીઓ તથા નાના ઉદ્યોગકારોના હિતનું રક્ષણ થવાની સાથોસાથ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોનો ઝડપી વિકાસ થશે અને દેશમાં ઉત્પાદિત થતી વિવિધ ચીજવસ્તુઓના વૈશ્વિક બજાર માં સારા ભાવ મળશે.

આ પ્રસંગે જિલ્લાની 12 થી પણ વધારે કોલેજોના 550 થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રિન્સીપાલ.ડો દિલીપ વજાણી, ડો જી. એમ.હુરકટ, ડો વિશાલ દવે કોલેજના અધ્યાપકો,એન એસ એસના સ્વયં સેવકો અને વિદ્યાર્થીઓએ યોગદાન આપ્યું હતું.